ગુજરાત રાજ્ય મ્યુનિસિપલ ચીફ ઓફીસર્સ સેવાના મુખ્ય અધિકારીઓને નિયમિત પગાર ભથ્થા ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
પરિપત્ર ક્રમાંકઃસીઇઓ/૧૦૨૦૦૨/૩૬૩૬/આસર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૭/૮/૨૦૦૨

**પરિપત્રઃ-**

રાજ્યની નગરપાલિકાઓમાં રાજ્ય સરકાર તરફથી નિમવામાં આવતાં ગુજરાત રાજ્ય મ્યુનિસિપલ ચીફ ઓફીસર્સ સંવર્ગના મુખ્ય અધિકારીઓ તેમના પગાર-ભથ્થા નગરપાલિકાના ફંડમાંથી મેળવવાની ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ-૪૭(ક) ની પેટા કલમ-(૫) ની જોગવાઇ હેઠળ સત્તા અપાએલ છે. આમ છતાં, આ સંવર્ગના મુખ્ય અધિકારીઓને કેટલીક નગરપાલિકાઓ તરફથી નિયમીત અને સમયસર રીતે પગાર ભથ્થા તથા અન્ય પરચુરણ દાવાઓ ચૂકવવામાં આવતાં ન હોવાનું સરકારના ધ્યાન ઉપર આવેલ છે. આથી તમામ નગરપાલિકાઓનું અધિનિયમની કલમ-૪૭(ક) ની પેટા કલમો(૫) અને (૬) તરફ પુનઃ ધ્યાન દોરવામાં આવે છે. કોઇ નગરપાલિકા મુખ્ય અધિકારીના પગાર ભથ્થા તથા અન્ય દાવાઓ ચૂકવવામાં નિષ્ફળ જાય તો નગરપાલિકા નિયામકશ્રી અધિનિયમની કલમ ૨૬૨(૩) હેઠળ મળેલ સત્તા અન્વયે મુખ્ય અધિકારીના બાકી પગાર-ભથ્થા તથા અન્ય દાવાઓની ચૂકવણી કરવા નગરપાલિકાનું જે બેંકમાં ખાતું હોય તે બેંકને નગરપાલિકાના બેંક ખાતા (ચાલુ, બચત કે ફીક્ષ ડીપોઝીટ સહિત) માંથી તેની ચૂકવણી કરવાનો હુકમ અધિનિયમની કલમ-૪૭(ક) ની પેટા કલમ-(૬) હેઠળ કરી શકે છે. અને તેવી બેંક નગરપાલિકા નિયામકશ્રીના હુકમ મુજબ ચૂકવણી કરવા કાયદેસર રીતે બંધાએલ છે.

આથી તમામ નગરપાલિકાઓને નીચે મુજબની સૂચના આપવામાં આવે છે.

(૧) તમામ નગરપાલિકાઓને ઉકત સંવર્ગના મુખ્ય અધિકારીઓને દરેક કેલેન્ડર માસની ત્રીજી તારીખ સુધીમાં પગાર-ભથ્થાની ચૂકવણી કરવા સૂચના આપવામાં આવે છે. ત્રીજી તારીખે જાહેર રજા હોય તો તેના આગળના દિવસે એટલે કે, બીજી તારીખ સુધીમાં ચૂકવણી કરવાની રહેશે. અન્ય પરચુરણ દાવાઓ રજુ થયાની તારીખથી મોડામાં મોડા ત્રણ માસમાં નગરપાલિકાએ ચૂકવણી કરવાની રહેશે.

(૨) કોઇ નગરપાલિકા મુખ્ય અધિકારીના પગાર ભથ્થા ચૂકવવામાં નિષ્ફળ જાય અને મુખ્ય અધિકારીના બે માસ કે તેથી વધુ સમયના પગાર ચૂકવવાના બાકી હોય તેવા મુખ્ય અધિકારીએ અધિનિયમની કલમ ૪૭(ક) ની પેટા કલમ(૬) હેઠળની કાર્યવાહી અર્થે તમામ આધાર પુરાવા સાથે નગરપાલિકા નિયામકશ્રીને રજૂઆત કરવાની રહેશે અને આવી રજૂઆત મળ્યાની તારીખથી ૩ માસથી વધુ ન હોય તેવા સમયમાં નગરપાલિકા નિયામકશ્રીએ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(૩) અધિનિયમની કલમ ૨૬૨(૩) ની કાર્યવાહીના અંતે પણ નગરપાલિકાની બેંકમાં પુરતી રકમના અભાવે ચૂકવણી ન કરી શકે તો નગરપાલિકા નિયામકશ્રી/ પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રીની કચેરી મારફતે નગરપાલિકાને ફાળવવામાં આવતી અનુદાનની રકમમાંથી મુખ્ય અધિકારીના બાકી પગાર-ભથ્થાની રકમ ચૂકવવાની કાર્યવાહી નિયામકશ્રી નગરપાલિકા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા કરવાની રહેશે.

(૪) મુખ્ય અધિકારીના બાકી પગાર-ભથ્થાની રકમમાં પગાર-ભથ્થા-મેડીકલ રીએમ્બર્સમેન્ટના દાવા તેમજ અન્ય કોઇ એરિયર્સની ચૂકવણી બાકી હોય તો તેનો પણ સમાવેશ થશે.

આ સૂચનાઓનો તમામ નગરપાલિકાઓએ ચુસ્ત પણે અમલ કરવાનો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમણ મહેરિયા)
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

રવાના કર્યો
૮-AUG-2002